બુલેટ ટ્રેન માટે સુરતમાં રોલિંગ સ્ટોક ડેપોની કામગીરી પૂરજોશમાં

27 હેક્ટરમાં સુરતમાં બની રહી છે બુલેટ ટ્રેનની હોસ્પિટલ

આ ડેપોમાં બુલેટ ટ્રેનનું મેઈન્ટેનન્સ કરાશે, સ્ટેશનથી માત્ર 2 કિ.મી. દૂર બનાવાયો ડેપો

સુરતઃ સરકારના અતિમહત્ત્વકાંક્ષી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં સાબરમતી અને સુરત તથા મહારાષ્ટ્રમાં થાણે એમ ત્રણ ઠેકાણે ત્રણ રોલિંગ સ્ટોક ડેપો બનાવવાનું આયોજન છે, તે પૈકી સુરતમાં 27 હેક્ટર વિસ્તારમાં રોલિંગ સ્ટોક ડેપો બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આશરે 27 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલો, સુરત રોલિંગ સ્ટોક ડેપો ટ્રેનોના કમિશનિંગ અને જાળવણી માટે જરૂરી સુવિધાઓથી સજ્જ હશે. તેમાં ટ્રેનસેટના હળવા જાળવણી માટે અત્યાધુનિક સાધનો, તેમજ નિરીક્ષણ ખાડીઓ, વોશિંગ પ્લાન્ટ, સ્ટેબલિંગ લાઇન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. ડેપો પરિસરમાં રોલિંગ સ્ટોકનું દરરોજ અને નિયમિતપણે નિરીક્ષણ કરવામાં આવશે.

હાલમાં, બે (02) નિરીક્ષણ-કમ-સ્ટેબલિંગ લાઇન પૂરી પાડવામાં આવી રહી છે, અને ભવિષ્યમાં ચાર (04) સ્ટેબલિંગ લાઇનનું આયોજન છે. નિરીક્ષણ ઉપરાંત, ડેપોમાં અનશેડ્યુલ રિપેર અને વ્હીલ રિ-પ્રોફાઇલિંગ માટેની સુવિધાઓ પણ હશે.

રોલિંગ સ્ટોક ડેપો શું છે?

રોલિંગ સ્ટોક ડેપો રેલ્વે વ્યવસ્થામાં ટ્રેનોના વાહનો (જેને રોલિંગ સ્ટોક કહેવાય છે)ના સ્ટોરેજ, જાળવણી અને મરામત માટેનું એક વિશેષ કેન્દ્ર છે. રોલિંગ સ્ટોકમાં ટ્રેનના તમામ વાહનોનો સમાવેશ થાય છે – જેમ કે લોકોમોટિવ, પેસેન્જર કોચ, ટ્રેનસેટ વગેરે. ડિપો એ ટ્રેનોનું "ઘર" અને "હોસ્પિટલ" જેવું છે, જ્યાં ટ્રેનોને પાર્ક કરવામાં આવે છે, દરરોજનું નિરીક્ષણ કરવામાં આવે છે, સાફ કરવામાં આવે છે અને જરૂરી રિપેરિંગ કરવામાં આવે છે. નિયમિત અને વિગતવાર નિરીક્ષણથી ટ્રેનમાં કોઈ ખામી વહેલી શોધી શકાય છે, જેથી અકસ્માતનું જોખમ ઘટે છે. ખાસ કરીને 320 કિમી/કલાકની સ્પીડવાળી બુલેટ ટ્રેનમાં આ અત્યંત જરૂરી છે.

બુલેટ ટ્રેનનો સ્ટોક ડેપો સુરતમાં ક્યાં બનશે?

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સુરત રોલિંગ સ્ટોક ડેપો સુરત બુલેટ ટ્રેન સ્ટેશનની નજીક જ બનાવવામાં આવી રહ્યો છે. આ ડેપો નિયોલ રેલ્વે સ્ટેશનની ઉત્તર બાજુએ આવેલો છે. તે સુરત બુલેટ ટ્રેન સ્ટેશનથી લગભગ 2 કિલોમીટર દક્ષિણ તરફ આવેલો છે. સુરત બુલેટ ટ્રેન સ્ટેશન અંત્રોલી ગામમાં સુરત-બારડોલી રોડ (NH-53) પાસે આવેલું છે. ડેપો માટે આશરે 27 હેક્ટર જમીન ઉપયોગમાં લેવાઈ છે. આ સ્થળ એટલા માટે પસંદ કરવામાં આવ્યું છે કે તે બુલેટ ટ્રેનના મુખ્ય રૂટ પર છે અને સુરત-બિલીમોરા (પ્રથમ તબક્કો) માટે પણ અનુકૂળ છે. ડેપોનું નિર્માણ આઈઆરકોન ઈન્ટરનેશનલ કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

મોટા વરાછા-અબ્રામા રોડ 40 દિવસ માટે બંધ રહેશે

આઉટર રિંગ રોડની કામગીરીને કારણે આંતરિક રસ્તાઓ પર ડાયવર્ઝન અપાયું

સુરતઃ સરથાણા ઝોનમાં આઉટર રિંગ રોડ પર ડ્રેનેજની કામગીરી કરવાની હોવાથી મોટા વરાછા અને અબ્રામાને જોડતો રસ્તો મનપા દ્વારા 40 દિવસ બંધ રાખવામાં આવશે. ગોપીન સર્કલ જંકશન પાસે સ્ટોર્મ બોક્સ ડ્રેઈન બનાવવાનું કામ શરૂ થવાનું હોવાથી, આગામી 5 એપ્રિલ 2026 થી 15 મે 2026 સુધી આ વિસ્તારના રસ્તાઓ તમામ પ્રકારના વાહન વ્યવહાર અને રાહદારીઓ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ખાસ કરીને ટી.પી. સ્કીમ નં. 84 (કોસાડ-ભરથાણા અને અબ્રામા) વિસ્તારમાં રિંગ રોડને જોડતા બંને બાજુના રસ્તાઓ પર આ પ્રતિબંધ લાગુ રહેશે, જેથી આ સમયગાળા દરમિયાન મુસાફરોએ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડશે.

ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે તંત્ર દ્વારા ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે. જે મુજબ, નંદ ચોક(મોટા વરાછા) તરફથી રિંગ રોડ તરફ જતા વાહનો અને રાહદારીઓ મોટા વરાછા અબ્રામા ચેક પોસ્ટ ચાર રસ્તાથી ડાબે વળાંક લઈ આશરે 350 મીટર બાદ જમણી તરફ વળાંક લઈ કષ્ટભંજન ચોક થઈ રિંગ રોડ તરફ જઈ શકશે તથા રિંગ રોડથી નંદચોક(મોટા વરાછા) તરફ જતા વાહનો અને રાહદારીઓ કષ્ટભંજન ચોક થઈ ડાબે/જમણે વળાંક લઈ તેમજ અન્ય આંતરિક માર્ગોનો ઉપયોગ કરી નંદ ચોક(મોટા વરાછા) તરફ જઈ શકશે.

તેમજ અબ્રામા ગામ તરફથી રિંગ રોડ તરફ જતા વાહનો અને રાહદારીઓ અબ્રામા રોડ પર ગોપીન રિવર વિલે ત્રણ રસ્તા થી જમણે વળાંક લઈ આશરે 280 મીટર બાદ પ્રમુખ એક્ઝોટીકા ચાર રસ્તાથી ડાબી તરફ વળાંક લઇ રિંગ રોડ તરફ જઈ શકશે.

તિથલના દરિયા કાંઠેથી સુરતના રત્નકલાકારનો મૃતદેહ મળ્યો

વલસાડઃ તિથલ દરિયાકિનારેથી આજે એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક સુરતની હીરા ફેક્ટરીમાં કામ કરતો રત્નકલાકાર હોવાનું બહાર આવ્યું છે. સુરતના ખોલવડ વિસ્તારમાં રહેતા ભરતભાઈ હરજીભાઈ પટેલ ગતરોજ ઘરેથી નોકરી પર જવાનું કહીને નીકળ્યા હતાં. જોકે, તેઓ સુરતથી ટ્રેન મારફતે વલસાડ પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. મોડી સાંજ સુધી તેઓ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં હતા તે દરમિયાન તેમનો મૃતદેહ તિથલના દરિયાકિનારેથી મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વલસાડ સિટી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. ભરતભાઈએ દરિયામાં ઝંપલાવીને આત્મહત્યા કરી છે કે પછી દરિયાના પાણીમાં ડૂબી જવાથી તેમનું અકસ્માતે મોત નીપજ્યું છે, તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

આચારસંહિતના અમલ માટે કલેક્ટરની અધિકારીઓને તાકીદ



સુરતઃ રાજય ચુંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા-તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીઓ જાહેર કરવામાં આવી છે. જેના ભાગરૂપે સુરત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો.સૌરભ પારઘીના અધ્યક્ષતામાં જિલ્લાના નોડલ અધિકારીઓ, આર.ઓ./એ.આર.ઓ. અધિકારી સાથે ચૂંટણીની પૂર્વે તૈયારીઓ સાથે સમીક્ષા બેઠક મળી હતી. આ બેઠકમાં સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચુંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાઇ તે માટે માઇક્રોપ્લાનિંગ કરવા આર.ઓ., એ.આર.ઓને જણાવ્યું હતું. મતદારોને મતદાન સમયે કોઇપણ મુશ્કેલી ન અનુભવાય તે માટે તકેદારી રાખવા જણાવાયું હતું. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ ચુંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન થાય તે માટે તમામ નિયુક્ત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું. તમામ અધિકારીઓએ સમયમર્યાદામાં ગાઇડલાઇન અનુસાર કોઇ ત્રુટી રહી ન જાય તે રીતે ચુંટણીની કામગીરી કરવા કલેક્ટરે જણાવ્યું હતું. રાજયના મુખ્ય ચુંટણી કમિશનર એસ.મુરલીક્રિષ્ણાએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજયના જિલ્લા ચુંટણી અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં સુરત જિલ્લા ચુંટણી અધિકારીએ જોડાઇને ચુંટણીને લગતી જરૂરી વિગતો આપી હતી.

કઈ પાલિકામાં કેટલા મતદાર-મતદાન મથકો?

નગરપાલિકા	મતદારો	મતદાન મથક
કડોદરા	19,334	20
બારડોલી	41,669	46
માંડવી	12,841	14
તરસાડી	18,554	21
કુલ	92,398	101

સુરત મહાનગર પાલિકાના વોર્ડ, મતદારો અને મતદાન મથકો

વોર્ડ નંબર	વોર્ડનું નામ	મતદારો	મતદાન મથકો
1	જહાંગીરપુરા-વરિયાવ-કોસાડ	96448	103
2	અમરોલી-મોટા વરાછા-કતારગામ	156049	161
3	વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા	137187	144
4	કાપોદ્રા	58524	60
5	ફુલપાડા-અશ્વિનીકુમાર	58464	63
6	કતારગામ	78555	84
7	કતારગામ-વેડ	83104	89
8	ડભોલી-સિંગણપોર	97107	99
9	રાંદેર-અડાજણ-પાલનપુર	99956	109
10	અડાજણ-પાલ-ઇચ્છાપોર	107926	114
11	અડાજણ-ગોરાટ	82352	88
12	નાણાવટ- સૈયદપુરા-કુબેરનગર-મહીધરપુરા	85382	87
13	વાડીફળિયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા	96581	102
14	ઉમરવાડા-માતાવાડી	60607	68
15	કરંજ-મગોબ	48411	49
16	પુણા (પશ્ચિમ)	60368	61
17	પુણા (પૂર્વ)	90434	88
18	લિંબાયત-પરવટ-કુંભારિયા	67622	78
19	આંજણા-ડુંભાલ	74560	82
20	ખટોદરા-મજૂરા-સગરામપુરા	82506	88
21	સોનીફળિયા-નાનપુરા-અઠવા-પીપલોદ	94088	97
22	ભટાર-વેસુ-ડુમસ	111055	113
23	બમરોલી-ઉધના (ઉત્તર)	54265	55
24	ઉધના (દક્ષિણ)	64535	67
25	લિંબાયત-ઉધના વોર્ડ	62077	68
26	ગોડાદરા-ડીંડોલી (ઉત્તર)	70214	75
27	ડીંડોલી (દક્ષિણ)	79595	89
28	પાંડેસરા-ભેસ્તાન	67751	70
29	અલથાણ-ભટાર-વડોદ	63681	67
30	ઉન-કનકપુર-સચિન	86974	91
	કુલ	2476378	2609

પંચાયતોમાં બેઠકો, મતદારો, મતદાન મથકો

તાલુકા	જિ.પં.બેઠકો	તા.પં.બેઠકો	મતદારો	મતદાન મથકો
ચોર્યાસી	3	16	49223	59
ઓલપાડ	5	24	137093	180
કામરેજ	4	20	137825	175
પલસાણા	3	16	62176	77
બારડોલી	5	22	109691	141
મહુવા	2	16	48662	63
અંબિકા	2	16	58058	70
માંડવી	3	18	81184	112
અરેઠ	2	16	53505	76
માંગરોળ	5	24	120579	161
ઉમરપાડા	2	16	66324	85
કુલ	36	204	924320	1199

ઇમ્પોર્ટની પ્રક્રિયા SDBમાંથી જ થશે

વેપારીઓ રફનું ટ્રેડિંગ સુરત ડાયમંડ બુર્સમાંથી જ કરશે

સુરત ડાયમંડ બુર્સમાં કાલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું સન્માન કરાશે



સુરતઃ સુરત ડાયમંડ બુર્સ ખાતે તા. 2 એપ્રિલ 2026 ના રોજ રફ ડાયમંડના વેપારીઓ સાથે એક મહત્વપૂર્ણ મીટીંગ યોજાઈ હતી.

મીટીંગ દરમિયાન સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો કે હવે રફ ડાયમંડના તમામ વેપારીઓ તેમના ઈમ્પોર્ટની પ્રક્રિયા તેમજ રફનું ટ્રેડિંગ સુરત ડાયમંડ બુર્સમાંથી જ કરશે, જેથી ટ્રેડિંગ પ્રવૃત્તિઓને એક કેન્દ્ર પર મજબૂતી મળે.

આ પ્રસંગે ઉપેશભાઈ શાહે તા. 18થી સુરત ડાયમંડ બુર્સ ખાતે પોતાની ઓફિસ શરૂ કર્યા બાદ મળેલા સકારાત્મક અનુભવ અને વ્યવસાયિક ફાયદાઓ અન્ય વેપારીઓ સાથે શેર કર્યા, જેને વેપારીઓ દ્વારા ઉત્સાહપૂર્વક સ્વીકારવામાં આવ્યા.

સુરત ડાયમંડ બુર્સમાં તા. 04/04/2026 ના રોજ સાંજે 5:00 વાગ્યે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનું સન્માન થઇ રહ્યું છે, ત્યારે એ વખતે ઘણા વ્યાપારીઓ પોતાની ઓફિસ શરૂ કરવા માટેની તૈયારી દર્શાવી છે અને જાહેરાત કરશે.

શહેરમાં ઓનલાઈન રફ ડાયમંડ ટ્રેડિંગ કરતા વેપારીઓને પણ આ પહેલ સાથે જોડવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સુરત સ્થિત મોટી કંપનીઓ, જે હાલમાં પોતાની ઓફિસમાંથી ઓનલાઈન ટ્રેડિંગ કરે છે, તેઓ પણ સુરત ડાયમંડ બુર્સ સાથે જોડાવા માટે ઉત્સુકતા દર્શાવી રહ્યા છે.

લાલજીભાઈએ જણાવ્યું હતું કે, "રફ ડાયમંડ ટ્રેડિંગને સુરત ડાયમંડ બુર્સમાં સંપૂર્ણ રીતે કેન્દ્રિત કરવા વેપારીઓ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો ઈન્ડસ્ટ્રી માટે લાભદાયી સાબિત થશે. ઈમ્પોર્ટથી લઈને ટ્રેડિંગ અને ટેન્ડર સુધીની તમામ પ્રવૃત્તિઓ એક જ સ્થળે થવાથી સુરક્ષા અને કાર્યક્ષમતા વધશે.

વંદે ભારત કાર્ગો ફ્રેઈટ દ.ગુ.ના ઉદ્યોગો માટે આશીર્વાદરૂપ બનશે

નવેમ્બરના અંત સુધીમાં કાર્ગો ટ્રેનની ટ્રાયલ શરૂ થવાની શક્યતા

સુરતઃ ૧૬ કોચ ધરાવતી આ હાઈ-સ્પીડ કાર્ગો ટ્રેનનું પ્રોટોટાઇપ રેક હાલમાં નિર્માણાધીન છે. રિસર્ચ ડિઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઇઝેશન દ્વારા આગામી નવેમ્બર મહિનાના અંત સુધીમાં આ ટ્રેનનું સત્તાવાર પરીક્ષણ એટલે કે ટ્રાયલ રન શરૂ કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

આ ટ્રેનને એવી રીતે ડિઝાઇન કરવામાં આવી છે કે તે ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે માલસામાનની હેરફેર કરી શકે, વંદે ભારત કાર્ગોમાં રહેલી આધુનિક રેફ્રિજરેટેડ સિસ્ટમને કારણે દૂધ, પનીર, ફળો અને તાજા શાકભાજી બગડ્યા વગર ગણતરીના કલાકોમાં દિલ્હી કે મુંબઈના બજારોમાં પહોંચશે. જેથી દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત અને વલસાડના ઉદ્યોગોને તેનો લાભ મળશે.

અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રીનો સમય માંગ્યો

આપના 160 કાર્યકર્તાને જેલમાં ધકેલી દીધા હોવા અંગે લખેલા પત્રથી રાજનીતિમાં ગરમાટો

ગાંધીનગર : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રૂબરુ મળીને આમ આદમી પાર્ટીના 160 કાર્યકર્તાઓને જેલમાં ઠોંસી દીધા હોવા અંગે રજૂઆત કરવા માંગે છે. આ પત્રને લઈ રાજ્યની રાજનીતિ ગરમાઈ છે. આપ દ્વારા ભાજપ સરકાર અને પોલીસ તંત્ર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

અરવિંદ કેજરીવાલને એવી હકીકત મળી છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યની ભાજપ સરકાર આમ આદમી પાર્ટીના નાના મોટા 10,000 કાર્યકરો પર યેનકેન પ્રકારે એફઆરઆઈ કરી જેલમાં પૂરવા માંગે છે. ગુજરાતમાં દિન પ્રતિદિન આમ આદમી પાર્ટીની વધતી જતી લોકપ્રિયતાથી ડરી જઈને ભાજપની સરકાર આમ આદમી પાર્ટીના કાર્યકરોથી જેલભરો આંદોલન કરી રહી છે.

આપના સૂત્રોએ જણાવ્યું હતુ કે અરવિંદ કેજરીવાલએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લખેલા પત્રમાં આ મુદ્દાઓ ઉઠાવ્યા છે અને જણાવ્યું છે કે આવી રાજનીતિ દેશની લોકશાહી, ભવિષ્ય અને આવતી પેઢી માટે હાનિકારક સાબિત થઈ શકે છે. કોઈપણ રાજકીય પક્ષને પોતાનો અવાજ ઉઠાવવાનો અને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે. જો સત્તાનો દુરુપયોગ કરીને અને પોલીસ તંત્રનો ઉપયોગ કરીને વિરોધ પક્ષને દબાવવામાં આવશે, તો જનતાનો અવાજ દબાઈ જશે. જો આવું ચાલશે તો સાચી વાત સરકાર સુધી કેવી રીતે પહોંચશે અને જનતા માટે અવાજ કોણ બનશે?

વેપારીને હોટલમાં બોલાવી યુવતી 9 લાખના દાગીના ઊતરાવી ગઈ

ટિંડર એપ પર સોપારીનો વેપાર કરતી હોવાની કહી પાલની ફોર સિઝન હોટલમાં બોલાવ્યા હતા

ભોજનમાં નશીલો પદાર્થ ભેળવી વેપારીને બેહોશ કરી રાતોરાત ચેકઆઉટ થઇ ગઇ

સુરતઃ શાહપોરના એક પ્રતિષ્ઠિત જમીન અને શેર દલાલ 'ટિંડર' એપ્લિકેશન મારફતે સારિકા ગુપ્તા નામની મહિલાના સંપર્કમાં આવ્યો હતો. તેણે તેમની સાથે પાલની હોટલ ફોર સિઝનમાં રૂમ બુક કરાવ્યો હતો.

જેથી ત્યાં પહોંચેલા જમીનદલાલના જમવાનામાં નશીલો પદાર્થ ભેળવી દીધો હતો. જેથી તેઓ બેહોશ થઈ ગયા બાદ મહિલાએ તેમના શરીર પરથી રૂ.8.95 લાખના સોનાના દાગીના ઉતારી લીધા હતા અને પલાયન થઇ ગઇ હતી. આ હાઈપ્રોફાઈલ લૂંટના મામલે પાલ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શાહપોરમાં રહેતો એક યુવાન જમીન અને શેરની દલાલી કરે છે. થોડા સમય પહેલા તેઓ ટિંડર એપ મારફતે સારિકા ગુપ્તાના સંપર્કમાં આવ્યો હતો અને તેણે તેની ઓળખ સોપારીનો વેપાર કરનાર તરીકે આપી હતી તેમજ વારંવાર સુરત આવતી હોવાનુ પણ કહ્યું હતું. તેમણે પણ સોપારીના વેપારમાં રસ દાખવતા સારિકા ગુપ્તાએ તેમને પાલની હોટલ ફોર સિઝનમાં રૂમ બુક કરાવ્યો હોવાથી ત્યાં મળવા બોલાવ્યા હતાં. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે તેણે લંચની ઓફર કરી કહ્યું હતું કે, બીજા વેપારી પણ આવવાના છે જેથી તે પહેલા આપણે જમી લઈએ.

નશીલા પર્દાથ ભેળવેલું ભોજન આરોગતા જ તેઓ ગાઢ નિંદ્રામાં સરી પડ્યાં હતાં. આ તકનો લાભ લઈને સારિકા ગુપ્તા તેમના ગળામાંથી સોનાની જાડી ચેઈન અને આંગળીઓમાંથી બે કિંમતી વીંટીઓ મળી કુલ રૂ.8.95 લાખની મત્તા ઉતારી લીધી હતી અને રાતોરાત હોટલમાંથી ચેક-આઉટ કરી નાસી છૂટી હતી.

બીજા દિવસે સવારે જ્યારે પ્રશાંતભાઈ ભાનમાં આવ્યા ત્યારે તેમને લૂંટાઈ ગયાનો અહેસાસ થયો હતો. યુવતીનો સંપર્ક સાધવા પ્રયાસ કરતા તેનો મોબાઈલ પણ બંધ આવતો હતો.ભોગ બનનાર વેપારીએ તાત્કાલિક પાલ પોલીસ મથક દોડી જઈ આપવીતી વર્ણવી હતી. પોલીસે સારિકા ગુપ્તા વિરુદ્ધ છેતરપિંડી અને લૂંટનો ગુનો દાખલ કર્યો છે.

14 કલાકે ભાનમાં આવ્યો

સારિકા ગુપ્તા નામની મહિલાએ જમવામાં ભેળવેલો નશીલો પદાર્થ એટલો અસરકારક હતો. વેપારીને લગભગ 14 કલાક બાદ બીજા દિવસે સવારે ચાર વાગ્યે તેમને ભાન આવ્યું હતું.

નશીલો પદાર્થ ભેળવવા બાથરૂમમાં મોકલી દીધો

પ્રશાંતભાઈ જમવાનું લઈને આવ્યા બાદ બંને સાથે જમવા બેઠા હતા. થોડા સમય પછી સારિકા ગુપ્તાએ "મારા પરિવારનો વિડીયો કોલ આવે છે, તમે બાથરૂમમાં સંતાઈ જાવ" તેમ કહી તેમને બાથરૂમમાં મોકલી દીધા હતા. આ દરમિયાન સારિકાએ તકનો લાભ લઈ જમવામાં નશીલો પદાર્થ ભેળવી દીધો હતો. ત્યારબાદ તેણે પ્રશાંતભાઈને ફરીથી જમવા બોલાવ્યા અને પોતે "મને હવે ભૂખ નથી, તમે જ જમી લો" કહી જમવાનું ટાળી દીધું હતું.

અનુસંધાન... પાના છેલ્લાનું

પાંડેસરામાંથી પકડાયેલા...

માટે મશીનરીની મદદથી તેલ અને મિલ્ક પાવડરનું મિશ્રણ કરી તેને અસલ જેવું ટેક્સચર આપવામાં આવતું હતું, જે સીધું જ આંતરડાના કેન્સર જેવી જીવલેણ બીમારીઓને આમંત્રણ આપે છે.આ કૌભાંડની મોડસ ઓપરેન્ડીમાં એ પણ સામે આવ્યું છે કે આરોપી મહારાષ્ટ્રના વસઈના લાયસન્સની આડમાં સુરતમાં છેલ્લા 2 વર્ષથી ગેરકાયદેસર ફેક્ટરી ધમધમાવતો હતો. શુદ્ધ પનીરની પડતર કિંમત અંદાજે 380 રૂપિયા થતી હોવા છતાં, આ ટોળકી માત્ર 180 થી 220 રૂપિયાના સસ્તા ભાવે પનીર વેચીને હોટલો અને લારી-ગલ્લાઓ સાથે છેતરપિંડી કરતી હતી. દરોડા દરમિયાન 28 લાખની હાઈટેક મશીનરી જપ્ત કરવામાં આવી છે, જેની મદદથી દરરોજ 400 કિલો જેટલું ઝેરી પનીર બજારમાં ઠાલવવામાં આવતું હતું. સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસર ડી. કે. ઠાકરે જણાવ્યું છે કે, રિપોર્ટ ફેઈલ થતા હવે FSS Act મુજબ એડજ્યુડીકેટિંગ કેસ દાખલ કરી કડક દંડ અને લાયસન્સ રદ કરવાની કાર્યવાહી હાથ ધરાશે, સાથે જ 1400 કિલો જથ્થાનો નાશ કરવામાં આવશે જેથી લોકોના જીવ જોખમમાં ન મુકાય.

આ નકલી...

જેવું ટેક્સચર આપવામાં આવતું હતું, જે સીધું જ આંતરડાના કેન્સર જેવી જીવલેણ બીમારીઓને આમંત્રણ આપે છે.

આંચાર સંહિતા...

બહાર પડશે અને ૧૧ એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરવાની મુદત રહેશે. ઉમેદવારીપત્રોની ચકાસણી ૧૩ એપ્રિલે થશે અને ૧૫ એપ્રિલ સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે. સુરત મહાનગરપાલિકાના ૩૦ વોર્ડમાં કુલ 24.76 લાખ મતદારો નોંધાયેલા છે, જેમણે મતદાન માટે ૨૬૦૯ મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે પણ લાખો મતદારો નોંધાયેલા છે, જેથી સમગ્ર જિલ્લામાં ચૂંટણીનો માહોલ જામ્યો છે.

નગરપાલિકાઓમાં પણ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કડોદરા, બારડોલી, માંડવી અને તરસાડી નગરપાલિકાઓમાં મતદાન મથકો અને મતદારોની નોંધણી પૂર્ણ થઈ ગઈ છે. તમામ સ્થળોએ સુવ્યવસ્થિત અને પારદર્શક ચૂંટણી માટે આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા તંત્રનો ખાસ ફોકસ મતદારોમાં જાગૃતિ લાવવાનો છે. વધુમાં વધુ લોકો મતદાનમાં ભાગ લે તે માટે વિવિધ અભિયાન હાથ ધરાશે. સુરત જિલ્લા ચૂંટણી અધિકારી ડો. સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ લોકશાહીના આ મહાપર્વને સફળ બનાવવા તંત્ર અને જનતા બંને સજ્જ થઈ રહ્યા છે.

હોર્ડિંગ્સથી માંડીને...

એ.આર.ઓ., ડેપ્યુટી ઇજનેરથી લઈને આસિસ્ટન્ટ લો ઓફિસર જેવા અનુભવી અધિકારીઓનો સમાવેશ થાય છે. આચારસંહિતાની માર્ગદર્શિકા મુજબ, રાજકીય પ્રચારના સાધનો દૂર કરવા માટે તંત્રએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. નિયમોનુસાર પ્રથમ 24 કલાકમાં તમામ સરકારી ઈમારતો પરથી રાજકીય લખાણો અને બેનરો હટાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ત્યારબાદના 48 કલાકમાં જાહેર માર્ગો અને 72 કલાકની અંદર ખાનગી કે અન્ય ઈમારતો પર લાગેલા રાજકીય પક્ષોના હોર્ડિંગ્સ, ઝંડા, ફોટા અને સિમ્બોલ દૂર કરવાની કડક સૂચનાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. શહેરના વિવિધ વિસ્તારો અને સરકારી કચેરીઓ પરથી રાજકીય પ્રભાવ દૂર કરી નિષ્પક્ષ ચૂંટણીનું વાતાવરણ ઉભું કરવા માટે આ 27 અધિકારીઓની ટીમ સતત મોનિટરિંગ કરી રહી છે. વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવેલા આ આક્રમક પગલાંઓને કારણે શહેરમાં ચૂંટણીના માહોલ વચ્ચે પણ કાયદો અને વ્યવસ્થાનું કડક પાલન કરાવવાની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

વાંસદામાં ફરી...

હતું. ભૂકંપની ડેપ્થ ૩.૧ અને તીવ્રતા ૩.૪ જેટલી હોવાનું જાણવા મળ્યું હતું. વાંસદાથી મહારાષ્ટ્ર બોર્ડર આશરે ૧૪ કિ.મી. જેટલી હોવાથી ભૂકંપના આંચકા વાંસદા સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં લોકોને અનુભવાયા હતા. વહેલી સવારે ૫:૨૭ વાગ્યાના અરસામાં અચાનક ધરા ધ્રૂજતા કેટલાક લોકો ઊંઘમાંથી જાગી જઈ ગભરાઈને ઘરની બહાર દોડી ગયા હતા. જેમાં વાંસદાથી ૫ કિ.મી અંતરે આવેલ જૂજ ડેમ પટ્ટાના ગામોમાં ભૂકંપના આંચકાની વધુ અસર થતાં ઘરમાં મૂકેલા વાસણો- બારીઓ ખખડી ઉઠ્યા હતા. ડેમ વિસ્તાર હોવાના કારણે છેલ્લા કેટલાક સમયથી ભૂસ્તરીય હલચલમાં વધારો નોંધાઈ રહ્યો છે અને જેના કારણે અવારનવાર ભૂકંપના આંચકાઓ આવી રહ્યા હોવાની લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું હતું.

ડિંડોલીમાં ગેસ...

દાઝી ગયો હતો. આ તમામને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી પવન પોતાની મરજીથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ગયો હતો. હાલ ચારેયની તબિયત ગંભીર હોવાનું પ્રાથમિક જાણવા મળ્યું હતું. ઘટના બની ત્યારે આશાદેવીના અન્ય પૈકી 7 વર્ષીય લાડલી ઉર્ફે સલોની અને 5 વર્ષીય જીવા ટ્યુશન ગયા હોવાથી તેમનો ચમત્કારિક બચાવ થયો હતો.

રાજ્યમાં ૪૮ કલાક માટે વરસાદનું યલો એલર્ટ

ગરમી વચ્ચે વરસાદી પલટો આવવાની ભીતિ

અમદાવાદ-ગાંધીનગર સૌથી ગરમ

અમદાવાદ : ગુજરાતમાં હાલ અસમંજસભર્યું હવામાન જોવા મળી રહ્યું છે, જ્યાં એક તરફ કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતો જાય છે તો બીજી તરફ વરસાદી પરિસ્થિતિ સર્જાતા રાજ્યમાં ડબલ સીઝનનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીને પાર પહોંચી ગયું છે, જેમાં અમદાવાદ અને ગાંધીનગર ૩૭ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ શહેરો તરીકે નોંધાયા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલ ગરમીની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. અન્ય શહેરોમાં સુરેન્દ્રનગર, વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે, જ્યારે રાજકોટ, અમરેલી, ડીસા અને સુરતમાં ૩૫ ડિગ્રી આસપાસ પારો રહ્યો હતો. ભુજ, ભાવનગર અને કંડલામાં તાપમાન લગભગ ૩૩ ડિગ્રી નોંધાયું હતું.આ વરસાદી પરિસ્થિતિને કારણે ખેતીના પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે ખેડૂતો અને માછીમારોને ખાસ સાવચેત રહેવા સૂચના આપી છે. રાજ્યમાં આગામી દિવસોમાં હવામાનમાં સતત ફેરફાર જોવા મળી શકે છે, જેથી લોકો માટે સતર્ક રહેવું જરૂરી બન્યું છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે, જેના કારણે લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળશે. જોકે, આ સાથે જ રાજ્યમાં વરસાદી માહોલ સક્રિય બનવાની શક્યતા હોવાથી ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ વરસી શકે છે. હવામાનમાં આ પલટો મુખ્યત્વે પશ્ચિમ વિક્ષેપ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને કારણે જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે રાજ્યના અનેક જિલ્લાઓ માટે આગામી ૪૮ કલાક માટે 'યલ્લો એલર્ટ' જાહેર કર્યું છે.

તા.૩ એપ્રિલ (શુક્રવાર)ના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને દાહોદ સહિત દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, સુરત, નર્મદા, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા અને કચ્છ જિલ્લામાં ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.તા.૪ એપ્રિલ (શનિવાર)ના રોજ પણ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો જેમ કે પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવો વરસાદ વરસી શકે છે.

કચ્છ અને સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ

રાજકોટ :હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ અને સૌરાષ્ટ્રમાં આજે અચાનક કમોસમી વરસાદ ખાબક્યો છે. ભુજ તાલુકાના ખાવડા પંથકમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડતા ખાવડા, મિરઝાપર, સુખપર, માનકુવા સહિતના ગામોમાં તેમજ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં ગાજવીજ સાથે કરા પડતા મોટી વેરાવળ અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. લાલપુર પંથકમાં કરા સાથે પડેલા વરસાદને કારણે રસ્તાઓ પર સફેદ ચાદર પથરાઈ ગઈ હોય એવા દૃશ્યો સર્જાયા હતા. ખેડૂતોમાં પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ.કે. દાસે જણાવ્યું કે, 2 સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં આગામી બે દિવસ કમોસમી વરસાદ સાથે 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી છે. જામનગરના લાલપુર પંથકમાં કરા સાથે વરસાદ જામનગર જિલ્લાના વાતાવરણમાં આજે અચાનક પલટો આવ્યો છે. લાલપુર પંથકમાં ગાજવીજ અને કરા સાથે કમોસમી વરસાદ તૂટી પડતા ગ્રામ્ય જનજીવન પ્રભાવિત થયું છે.